OFFICE OF THE
**DISTRICT ELECTION OFFICER & COLLECTOR**
**KHEDA - NADIAD**
Jilla Seva Sadan, 3rd Floor, "B" Block, Dabhan Road, Nadiad
Office Telephone No.(0268) 2553046, Fax :: 2553347
E-mail : deputydeokheda2014@gmail.com

**નં.ચટણ/સ્થા.સ્વ.સં/વશી /૨૭૫૭** **તા.૦૧/૦૫/૨૦૨૫**

પ્રતિ,
**એકતા ઓફસેટ પ્રા.લિ.**
**નડીઆદ**

**વિષય ::–** **<u>ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ : ૨૦૨૫</u>**
મતદારયાદીના છાપકામ બાબત.

**સંદર્ભ ::–**
(૧) માન.સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચઆ – ચટણ – મતય – ગ્રા.પં.૨૨(૮) – ૦૪૨૦૨૫ – ક / ૧૭૦૧૯ થી ૧૭૧૧૭ તા.૩૦/૦૪/૨૦૨૫
(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ચટણ / લોકસભા–૨૦૨૪ / વશી–૨૧૫૨ થી ૨૧૭૧ તા.૦૭/૦૩/૨૦૨૪
(૩) અત્રેની કચેરીના હુકમ નં.ચટણ/સ્થા.સ્વ.સં./વશી–૩૮૬ તા.૨૧/૦૧/૨૦૨૫

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેના જિલ્લામાં આગામી સમયમાં ખેડા જિલ્લામાં કુલ–૮૫ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ કુલ–૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા કુલ–૧૮૨ ગ્રામ પંચાયતોમાં પ્રસંગોપાત ખાલી પડેલ વોર્ડ / વોર્ડો / સરપંચની બેઠકની ચૂંટણી સામાન્ય / પેટા ચૂંટણીઓ યોજાનાર છે. જે કામે સંદર્ભ–(૧) ના પત્રથી રાજય ચૂંટણી આયોગે તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ કરવા સુચના થઈ આવેલ છે.

સંદર્ભ–(૨) ના હુકમથી લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૯ ના કામે છાપકામની કામગીરી માટે આપની એજન્સીના ભાવો મંજુર કરવામાં આવેલ હતા. જે ભાવો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીના કામે સંદર્ભ–(૩) ના હુકમથી મંજુર કરવામાં આવેલ છે.

જેથી, મતદારયાદી છાપકામના ભાવો **"એક પેજ સિંગલ સાઈડ છાપકામના રૂા.૦.૫૬/– અને ડબલ સાઈડ છાપકામના એક પેજના ભાવ રૂા.૦.૯૪/–"** મંજુર કરેલ છે. જે મંજુર થયેલ ભાવે કુલ–૧૦ તાલુકાની કુલ–૨૭૩ ગ્રામ પંચાયતોની સામાન્ય / પેટા ચૂંટણી માટેની મતદારયાદીની કુલ–૩ સેટમાં છાપકામ કરી અત્રે પુરી પાડવા વિનંતી છે.

***નોંધ પર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીના આદેશાનુસાર***

**(જે. બી. દેસાઈ)**
**અધિક જિલ્લા ચૂંટણી અધિકારી**
**(સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ) અને**
**નિવાસી અધિક કલેકટર**
**ખેડા – નડીઆદ**